ગાંધીનગર સમાચાર

માઉન્ટ કાર્મેલ શાળાના પ્રાઈમરી વિભાગનો વાર્ષિકોત્સવ યોજાશે

સિવિલના ઓપીડી બિલ્ડીંગની લીફ્ટમાં દર્દીઓ ફસાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગમાં આવેલી ૩ નંબરની લીફ્ટ અચાનક બપોરના સમયે ખોટવાઈ ગઈ હતી. આ લીફ્ટમાં દર્દીઓ અને સ્ટાફના માણસો ઉપરથી નીચે ઉતરી રહ્યા હતા તે દરમિયાન જ વચ્ચે લીફ્ટ અટકી જતાં લીફ્ટમાં સવાર માણસોના જીવ તાળવે ચોંટી ગયા હતા. લીફ્ટમાંથી બહાર કેવી રીતે નીકળવું તેની મથામણ કરીને સ્વીચો દબાવી રહ્યા હતા ત્યાં જ અચીનક લીફ્ટ શરુ થઈ ગઈ હતી અને નીચે આવી જતા લીફ્ટમાં સવાર લોકોએ હાંશકારો અનુભવ્યો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલ કરોડો રૂપિયાના ખર્ચે અત્યંત આધુનિક તૈયાર કરવામાં આવ્યું છે. આઠ માળની ઈન્ડોર બિલ્ડીંગ અને પાંચ માળની આધુનિક ઓપીડી બનાવાઈ છે. કોર્પોરેટ લુક હોસ્પિટલને આપવામાં આવ્યો છે. ત્યારે હોસ્પિટલમાં આવતા હજ્જારો દર્દીઓને ઉપર નીચે આવન જાવન કરવા માટે તંત્ર દ્વારા લીફ્ટની સગવડ કરવામાં આવી છે પરંતુ નવા બિલ્ડીંગમાં આવેલ લીફ્ટોને જાણે કોઈની નજર લાગી હોય તેમ સમયાંતરે બંધ રહે છે. નવા બિલ્ડીંગમાં લીફ્ટમાં પણી ભરાઈ જવાનો પ્રશ્ન હોવાથી લીફ્ટ ક્યારે બંધ અને ક્યારે શરુ થાય તેની જાણ તંત્રના અધિકારીઓને પણ હોતી નથી પરંતુ લીફ્ટ બંધ હોવાથી દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. ત્યારે આજે નવા ઓપીડી બિલ્ડીગમાં કાર્યરત ૩ નંબરની લીફ્ટ અચાનક બપોરના સુમારે બંધ થઈ જતા થોડીવાર હોહામચી ગઈ હતી. લીફ્ટમાં સવાર દર્દીઓ ગભરાઈ ગયા હતા અને બહાર નીકળવા કોશિશ કરી રહ્યા હતા ત્યાં અચાનક લીફ્ટની સ્વીચો દબાવતા લીફ્ટ શરુ થઈ ગઈ હતી અને નીચે આવી ગઈ હતી. લીફ્ટમાં સવાર લોકોએ લીફ્ટ નીચે આવતા હાશકારો અનુભવ્યો હતો. ઉલ્લેખનીય છે કે લીફ્ટ માટે કર્મચારીઓ રાખવામાં આવ્યા છે પરંતુ મોટા ભાગની લીફ્ટમાં કોઈ કર્મચારી નજરે ચડતું નથી. લીફ્ટ દર્દીઓ ચલાવે છે જેથી લીફ્ટની બંધ થવાની ફરિયાદો પણ વારંવાર ઉઠવા પામે છે.

@ગાંધીનગર

● વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો સે-૨૭ મયુર ફ્લેટ નજીક પ્લોટ નં. ૨ ખાતે બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૩-બી પ્લોટ નં. ૧૨૯૧/૨ મેહુલ વ્યાસના નિવાસસ્થાને બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરનો તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન-સ્નેહમિલન

ગાંધીનગર, તા.૧

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૧૧મી ડીસેમ્બરના રોજ બપોરે બે વાગ્યાથી સાત વાગ્યા સુધી ટાઉનહોલમાં રાખેલ છે. તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તેમજ લોકડાયરો-ગમ્મતગુલાલ યોજેલ છે તેમ પ્રમુખશ્રી કે.કે. સુથાર તથા મંત્રીશ્રી બીપીનભાઈ સી. ગજજરે જણાવેલ છે.

ફતેપુરા ખાતે મહાકાળી લગ્ન હોલનો શુભારંભ થશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ સેકટર-૧૫ ફતેપુરા ગામ ખાતે શ્રી મહાકાળી માતાજી મંદિરની ૧૮મી વર્ષગાંઠની ઉજવણી અને શ્રી મહાકાળી લગ્ન હોલનો શુભારંભ આગામી તા. ૪ ડિસેમ્બરને રવિવારના રોજ રાખવામાં આવેલ છે. આ ધાર્મિક પ્રસંગે સવારે ૭.૩૦ કલાકે માતાજીનો હવન, સવારે ૮.૩૫ કલાકે ભવ્ય શોભાયાત્રા, માતાજીની પધરામણી સવારે ૯.૦૦ કલાકે જયારે સાંજે ૬.૦૦ કલાકે ભકતો માટે ભોજન પ્રસાદ તેમજ રાત્રે૯.૦૦ કલાકેબંસરી કલાવૃંદના રાહુલ ઠાકોર દ્વારા રાસ ગરબાની રમઝટ જામશે. માતાજીના ૧૮મા પાટોત્સવ અને હોલના શુભારંભ પ્રસંગે શહેરના સૌ ભાવિ ભકતોને પધારવા મહાકાળી સેવા મંડળ તથા સમસ્ત ગ્રામજનોએ અનુરોધ કર્યો છે.

માઉન્ટ કાર્મેલ શાળાના પ્રાઈમરી વિભાગનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર શહેર સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાના પ્રાઈમરી વિભાગનો વાર્ષિકોત્સવ આગામી તા. ૩ ડિસેમ્બરને શનિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. શાળાના પ્રાઈમરી વિભાગમાં અભ્યાસ કરતા નાના ભુલકાઓ 'માય ફેમીલી માય વર્લ્ડ' વિષય પર વિવિધ કૃતિઓ નૃત્ય નાટિકા સાથે રજુ કરશે. પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર જિલ્લા કલેકટર સતીષ પટેલ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે બાળકો અને વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહેશે.

વાતવાતમાં

● નોટબંધી બાદ સમગ્ર દેશમાં 'કેશલેસ' ટ્રાન્ઝેકશન પ્રત્યે ઝોક વધારવા પ્રયત્નો હાથ ધરાયા છે. ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા પણ સમગ્ર શહેરમાં નાના વેપારીઓ જેવા કે પાન બીડીના ગલ્લા સહિત તમામ વ્યવસાયિકોને કેશલેસ વ્યવહારો માટે 'કાર્ડ સ્વેપ' મશીનની સુવિધા વિકસાવવા તાકીદ કરી દીધી છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવા આરએમઓ તરીકે ડો. રાજેન્દ્ર ચૌહાણે ગુરુવારથી પદભાર સંભાળી લીધો છે. પદભાર સંભાળવા સાથે તેમણે હોસ્પિટલ તંત્ર દ્વારા સોંપવામાં આવેલ જવાબદારીને સુપેરે નિભાવવા આત્મ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

ગુજરાત પ્રદેશ આંગણવાડી કર્મચારી મહાસંઘની રેલી જાહેરસભા યોજાશે

ગુજરાત પ્રદેશ કર્મચારી મહાસંઘ આંગણવાડી આશાવર્કર, મીડ ડે મીલ, આરોગ્ય તથા સ્કીમ વર્કરોની વિવિધ માંગણીઓને લઈ રવિવારે ગાંધીનગરમાં રેલી અનેજાહેરસભા યોજાશે. ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સે-૬ ખાતે તા. ૪ ડિસેમ્બરને રવિવારે બપોરે ૧ કલાકે રેલી બાદ જાહેર સભા યોજાશે અને વિવિધ માંગણીઓ દર્શાવતુ આવેદનપત્ર રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આપવામાં આવશે. સંસ્થાએ આવેદનપત્રમાં તમામને સરકારી કર્મચારી ઘોષિત કરો, માંગણી પુરી ન થાય ત્યાં સુધી તમામને લઘુત્તમ વેતન રૂ. ૧૫,૦૦૦ આપવા, મેડીકલ ફેસેલીટી તથા પીએફ ઈએસઆઈ નો લાભ આપવો અને આંગણવાડી સિવાયનું કામ ન લેવુંતેનો અમલ કરવો તેવી માંગણીઓ કરવામાં આવી છે.

આ જાહેરસભાને ભારતીય મઝદુર સંઘના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ વાલજીભાઈ ચાવડા, અરવિંદભાઈ પરમાર, હિરેન્દ્રય પંડયા, રાસબિહારી શર્મા સહિતના આગેવાનો સંબોધન કરશે.

ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર દ્વારા પ્લાસ્ટિક મુકત અભિયાન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા-હિંમતનગર માર્ગ પાસે આવેલ સહજાનંદ સ્કુલ ઓફ એચિવરના વિદ્યાર્થીઓએ પ્લાસ્ટીક મુકત અભિયાન અંતર્ગત ચિલોડા બજારમાં વર્તમાનપત્રોની કાગળની બેગોનું દરેક લારી ગલ્લા ધારકોને નિઃશુલ્ક આપવામાં આવી હતી. વેસ્ટમાંથી બેસ્ટ તૈયાર થયેલ કાગળની બેગ સાથે પ્લાસ્ટીક બેગથી થતાં ગેરફાયદ વિશે વેપારીઓને સમજણ પુરી પાડી હતી. ચિલોડા સર્કલની આસપાસ ઉભા રહેતા વેપારીઓએ વિદ્યાર્થીઓના પ્લાસ્ટીક મુકત અભિયાનને બિરદાવ્યો હતો પ્લાસ્ટીક બેગના વપરાશથી પર્યાવરણ અને વાતાવરણમાં ગંભીર અસર થાય છે જયારે પ્લાસ્ટીક બેગ નાના વેપારીઓ ગ્રાહકોને આપતા હોવાથી કચરાના ઢગમાં પ્લાસ્ટીક પ્રમાણ વધુ જોવા મળે છે. કચરાના ઢગમાંથી અબોલ પશુઓ આરોગતા હોવાથી તેમના આરોગ્ય સામે જોખમ ઉભું થાય છે અને

અબોલ પશુઓ મોતને ભેટતા હોય છે ત્યારે આવી પરિસ્થિતિમાં બાળકોએ પ્લાસ્ટીક મુકત અભિયાન યોજીને ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું હતું.

બીબીએના વિદ્યાર્થીઓની અરવિંદ સાધના કેન્દ્ર ખાતે વિચારગોષ્ઠિ

ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશનનાં ૯૦ વિદ્યાર્થીઓની સાતત્ય પૂર્ણ દરેક સેમેસ્ટરમાં આયોજિત થતા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ખાતેના અધ્યાત્મ યુવાઓ ની દ્રષ્ટિએ અને શ્રી અરવિંદ તેમજ શ્રી માતાજી ના વિચારો માટે સુંદર વિચાર ગોષ્ઠિનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓને વ્યાવસાયિક ક્ષેત્રની તેમજ અભ્યાસક્રમની સાથે તેમનામાં રાષ્ટ્ર ભાવના જાગૃત થાય ભારતના મહાપુરુષો ને જાણે, તેમની ઓળખ, તેમને જીલેલા પડકારો ની માહિતી મેળવી ને કરે તેવા ઉદેશ્ય સાથે આ કાર્યક્રમ નું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં પ્રથમ, દ્વિતીય તેમજ તૃતીય વર્ષના ૯૦ વિદ્યાર્થીઓ ની પસંદગી કરી તેમને એક દિવસીય મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. જેમાંથી ૨૨ વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો જેવા કે જીવન જીવવાની કળા, આદર્શ બાળક, ઓરોવીલ્લ, શ્રી અરવિંદ, શ્રી માતાજી તેમજ શિક્ષણ વ્યવવસ્થા બાબતે શ્રી અરવિંદ તેમજ શ્રી માતાજીના વિચારો જેવા વિષયો પર પોતાના વક્તવ્ય આપ્યા હતા. જેમાં પ્રસિદ્ધ લેખિકા ડો. જ્યોતિબેન થાનકી લિખિત પુસ્તકોનો વિદ્યાર્થીઓએ ઉપયોગ કર્યો હતો. શ્રી અરવિંદ સાધના કેન્દ્ર તરફ થી ડો.સી.જે. તન્ના તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને આ મહાનવિભૂતિઓ વિષે જાણવા માટેનો આ અનેરો અવસર મળ્યો હતો. જેમાં શ્રી અરવિંદના જીવન ચરિત્રની વાતો સાંભળી વિદ્યાર્થીઓમાં તેમને પ્રત્યે ખુબ અહોભાવ જોવા મળ્યો હતો. એક વ્યક્તિ કવિ, યોગી, સ્વતંત્ર સેનાની, લેખક, અધ્યાત્મિક ગુરુ અને અધ્યાપક તેમજ રાજકીય ક્ષેત્રે પોતાનું યોગદાન કેવી રીતે આપી શકે તે શ્રી અરવિંદને મહાન વિભૂતિ માનવા માટે પુરતી હોય તેમ લાગે છે. જે વિદ્યાર્થીઓએ વકતવ્ય આપ્યા તે સૌ ને શ્રી અરવિંદ સાધના કેન્દ્ર તરફ થી પ્રશસ્તિ પત્ર સહીત કીટ આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરી કરવામાં આવી હતી. જેમાં ડો.સી.જે. તન્નાએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉત્તર આપ્યા હત. કોલેજ તરફ થી ડો. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને સમગ્ર કાર્યક્રમ બાબતે તાલીમ આપી હતી. તેમજ વિદ્યાર્થીઓને શિસ્ત, સમર્પણ, સેવા, સાદગી, સદભાવના જેવી બાબતો ની શીખ આપી હતી. આચાર્ય. ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર નો સંસ્થા વતી અભાર માન્યો હતો. તેમજ વિદ્યાર્થીઓને સમગ્ર મુલાકાત બાદ અહીં મેળવેલ જ્ઞાન ને સમજ સુધી ફેલાવવા જણાવ્યું હતું. ૨૦ વિદ્યાર્થીઓની શ્રમદાન શિબિર માટે પણ અત્રે પસંદગી કરવામાં આવી હતી. જે સ્વચ્છતા અભિયાનમાં યુવાઓના યોગદાન બાબતે કાર્ય કરશે. તેમજ અન્ય અનેક વિદ્યાર્થીઓના વ્યકિતત્વ વિકાસ માટેના સૂચનો આવ્યા હતા.જેને કોલેજ દ્વારા આગામી દિવસોમાં અમલમાં મુકવામાં આવશે.

જીઆઈપીએસમાં ધો-૧૦ પછી શું? અંગે માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં તા. ૩૦-૧૧-૨૦૧૬ના રોજ વીપીએમપી પોલીટેકનીક તથા એલડીઆરપી કેમ્પસમાંથી હાર્દિકભાઈ રાઠોડ તેમજ સુજ્ઞેશભાઈ પટેલ દ્વારા ધો-૧૦ પછી શું? એટલે કે એન્જીનિયરીંગ ક્ષેત્રમાં ઝંપલાવવા બાબતે વિદ્યાર્થી બાળકોને પ્રેરિત કર્યા હતા. એન્જીનિયરીંગ ક્ષેત્રમાં વિવિધ વિભાગોની જાણકારી સાથે ઉત્તર-મૂલ્ય સભર શિક્ષણ આપવામાં આવે છે તેની જાણકારી આપવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફગણે ઉત્સાહભેર ભાગ લઈ વધુ માહિતી મેળવી પોતાનો રસ દાખવ્યો હતો. શાળા પરિવાર દ્વારા આયોજીત આ સેમિનાર દ્વારા વિદ્યાર્થીઓને લક્ષ પ્રત્યે જાગૃત કર્યા હતા.

સે-૧૩ લિમ્બચ ધામ ખાતે ૧૬મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સે-૧૩ સ્થિત લિમ્બચ ધામ મંદિરના ૧૬મા પાટોત્સવની રંગેચંગે ઉજવણી આગામી તા. ૪ ડિસેમ્બરને રવિવારના રોજ કરવામાં આવશે. પ્રસંગે ૧૦૧ ધજાજી શોભાયાત્રા, લિમ્બચ માતાજીનું મામેરુ, ૧૮ ઈંચની માતાજીની મૂર્તિની પૂજનવિધિ સહિત સમુહ આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. દિવસભર વિવિધ કાર્યક્રમો થકી મંદિર પરિસર ભકતોની ગુંજથી ગુંજી ઉઠશે. માતાજીના પાટોત્સવ પ્રસંગે રાજયભરમાંથી સમાજના ભાઈ-બહેનો લિમ્બચ ધામ ખાતે ઉપસ્થિત રહેશે.

શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ ગાંધીનગર ગુજરાત દ્વારા સે-૧૩ સ્થિત લિમ્બચ માતાજી મંદિરના ૧૬મા પાટોત્સવ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૪ ડિસેમ્બર રવિવારના રોજ પાટોત્સવ ઉજવણી પ્રસંગે સે-૪-એ પ્લોટ નં. ૧૧૦/૨, બાબુભાઈના નિવાસસ્થાને માતાજીની ૧૦૧ ધજાજી પુજાવિધિ કરવામાં આવશે. માતાજીનું મામેરુ સવારે ૮.૩૦ કલાકે સે-૩-બી પ્લોટ નં. ૧૩૪૫/૧થી નીકળી સે-૪ ખાતે પહોંચશે. શ્રી ૧૦૧ ધજાજીની પૂજનવિધિ સવારે ૮.૩૦ કલાકે, સમુહ આરતી ૯ કલાકે શોભા યાત્રા પ્રસ્થાન ૯.૩૦ કલાકે થશે તેમજ ગ માર્ગથી લિમ્બચ ધામ ૧૨ કલાકે પહોંચશે. માતાજીના સુંદર ધાર્મિક અવસરે શહેરના સૌ ભકતો તેમજ સમાજના ભાઈ-બહેનોને હાજર રહેવા મંદિર પરિસર દ્વારા અનુરોધ કરાયો છે.

એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ ખાતે મહિલા સ્વાસ્થ્ય અંગે સેમિનાર યોજાયો

હેપ્પી યુથ કલબ તથા સે-૨૨ની સરકારી આયુર્વેદિક હોસ્પિટલના સંયુકત ઉપક્રમે આયોજન કરાયું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સે-૨૩માં એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ ખાતે હેપ્પી યુથ કલબ તથા સેકટર-૨૨ની સરકારી આયુર્વેદિક હોસ્પિટલના સંયુકત ઉપક્રમે 'આયુર્વેદ અને મહિલા સ્વાસ્થ્ય' વિષયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૯મી નવેમ્બરે યોજાયેલા આ સેમિનારમાં કોલેજની મેનેજમેન્ટની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

સેમિનારમાં સરકારી આયુર્વેદિક હોસ્પિટલના નિષ્ણાંત તબીબ ડૉ. ધરા જાધવે વિદ્યાર્થીનીઓને જીવનમાં આયુર્વેદનું મહત્વ સમજાવી મહિલાઓના રોગો બાબતે રાખવાની સાવધાનીઓ તથા તેના ઉપચારો અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું. કાર્યક્રમના પ્રારંભે હેપ્પી યુથ કલબના સંયોજક સમીર રામીએ વિદ્યાર્થીનીઓને આયુર્વેદ અંગે પ્રાથમિક માહિતી આપી વકતાનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમમાં ૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીનીઓને મુંઝવતા સવાલોનું ડૉ. ધરા જાધવ દ્વારા સંતોષકારક સમાધાન પુરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટના લેકચરર પ્રો. કૃપા મહેતા દ્વારા કરાયું હતું. કાર્યક્રમનું આયોજન કોલેજના ડીન ફેકલ્ટી તથા ડિરેકટર ડૉ. ભાવિન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



નિસર્ગ દ્વારા વિશ્વ એઈડસ દિવસ નિમિત્તે જનજાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧

એઈડસ એ એકવીસમી સદીનો ભયાનક રોગ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનો માનવજાતને સહયોગ હોવા છતાં પણ એઈડસના રોગને નાબુદ કરી શકાય તેવી દવાઓ અને રસીઓ હજુ સુધી શોધી શકાઈ નથી. આવા સંજોગોમાં લોકો એઈડસ અંગેની જાણકારી મેળવે તથા એઈડસથી બચવાના ઉપાયો વિશે વિચારે તે હેતુથી વિશ્વભરમાં ૧લી ડિસેમ્બર વિશ્વ એઈડસ દિવસ તરીકે ઉજવાય છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષેઆ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે આ દિવસની ઉજવણીના ભાગરૂપે વી.પી.એમ.પી. પોલીટેકનીક કોલેજ, સે-૧૫ ગાંધીનગરના એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે તરીકે નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ કે. પટેલ તથા વી.પી.એમ.પી. પોલીટેકનીક કોલેજના પ્રોફેસરશ્રી એચ.આર. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અનિલભાઈએ વિદ્યાર્થીઓને એઈડસ અંગેની સંપૂર્ણ માહિતી આપતું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કરી એઈડસની ઉત્પત્તિ, તે શેના દ્વારા ફેલાય છે તેનાથી બચવાના ઉપાયો અંગેની

પોપ્યુલર લેકચર, પ્રદર્શન જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહેમાન વિગતવાર સમજ આપી હતી. એઈડસ રોગ ધરાવતા દર્દીઓની સેવા આપતી વિવિધ સંસ્થાઓનો પણ પરિચય આપવામાં આવ્યો હતો. એઈડસ રોગ અંગેની ખોટી માન્યતાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને સાચી સમજણ આપવામાં આવી હતી.

એઈડસ અંગેના લેકચર બાબત વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ તેમને મુંઝવતા પ્રશ્નો પુછીને તેનો ઉકેલ મેળવવા પ્રયત્ન કર્યા હતા. આ ઉપરાંત એઈડસ અંગેના પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિવિધ ચાર્ટસ દ્વારા એઈડસ અંગેની સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ રસપૂર્વક પ્રદર્શન નિહાળી માહિતી મેળવી હતી. આ કાર્યક્રમમાં પોલીટેકનીક કોલેજના ૭૦ વિદ્યાર્થી હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.

સિધ્ધાર્થ લૉ કૉલેજ પાસે મોડી રાત્રે બાઈક સવાર ત્રણ શખ્સોએ બે વેઈટરને લૂંટી લીધા

ગાંધીનગર, તા.૧

સેકટર-૧૬ સિધ્ધાર્થ લૉ કોલેજ પાસે મોડી રાત્રે ઘ-પની ફૂડકોર્ટના બે વેઈટર સાથે લૂંટની ઘટના બની હતી. જેમાં બાઈકસવાર ત્રણ શખ્સોએ માર્ગ પર મારા-મારી અને લાફાલાફી કરી બે મોબાઈલ રોકડ અને એટીએમ કાર્ડની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ સે-૧૬ ઘ-૫ ફુડકોર્ટમાં ખાણીપીણીની દુકાનમાં વેઈટર તરીકે કામ કરતા બે વેઈટર સાગર અને આકાશ કામકાજ પૂર્ણ કરી સાઈકલ લઈ ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે સાઈકલ પર બંને યુવાનો સિધ્ધાર્થ લો કોલેજ પાસે પહોંચ્યા હતા જયાં અચાનક જ પલ્સર બાઈક પર ત્રણ અજાણ્યા શખ્સો આવી સાઈકલને અટકાવી દીધી હતી અને ગાળા ગાળી બાદ બંને વેઈટર જોડે લાફાલાફી કરી હતી અને આ શખ્સોએ બંનેના મોબાઈલ તથા સાગર પાસે રૂ. ૩૦૦૦ રોકડ અને એટીએમ કાર્ડની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે કોઈ પોલીસ ફરિયાદ થઈ નથી.

ચિરવિદાય

- સ્વ. લાલાભાઈ બચુભાઈ શાહ, ઉ.વ. ૪૨
- સ્વ. ગલાજી ભવાનજી સોલંકી, ઉ.વ. ૬૦
- સ્વ. લાલાજી દોલાજી ઠાકોર, ઉ.વ. ૫૪